Media Release

ત્વરિત જાહેરાત માટે

# મેયર પેટ્રિક બ્રાઉને હેનરી એફ વેર્શુરેન CDને કી ટૂ દ સીટી ઓફ બ્રૅમ્પટનથી પુરસ્કૃત કર્યા



*ચિત્રમાં:* પેટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન અને હેનરી એફ વેર્શુરેન CD

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (21 ડિસેમ્બર 2021) – ગઈ કાલે રાત્રે મેયર પેટ્રિક બ્રાઉને હેનરી એફ વેર્શુરેન Cdને તેમની સીટી ઓફ બ્રૅમ્પટન પરેડ કમાંડર તરીકે અને રોયલ કેનેડિયન લિજીયન મેજર વિલિયમ ડ્વાઇટ બ્રાંચ 15ના સામુદાયિક સંપર્ક તરીકેની ઉત્કૃષ્ટ સિદ્દ્ધિઓ અને યોગદાન માટે કી ટૂ દ સિટીથી પુરસ્કૃત કર્યા.

**હેનરી એફ વેર્શુરેન CD (Henry F Verschuren CD) વિશે**

હેનરી એફ વેર્શુરેન CD પાઈપ્સ એન્ડ ડ્રમ્સ ઓફ દ લોન સ્કોટ્સમાં (પીલ, ડફરીન અને હેલ્ટન રેજીમેન્ટ) 50 વર્ષ પહેલા સ્વયંસેવક તરીકે જોડાયા અને 1975માં તેઓ લીડ ડ્રમર બન્યા. ત્યાર બાદ, તેઓ ડ્રમ મેજર, પ્રશિક્ષક, સંગીતકાર અને સંગીત નિર્દેશક બન્યા. તેઓ લોર્ન સ્કોટ્સના રેજિમેન્ટલ એસોસિએશનના આજીવન સભ્ય છે અને તેમના સરકારી અને સામુદાયિક સંપર્ક વ્યક્તિ છે. તેઓ દ લોર્ન સ્કોટ્સના રેજિમેન્ટલ મ્યુઝિયમના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં પણ છે.

વેર્શુરેન બ્રૅમ્પટનમાં રિમેમ્બરન્સ ડેની પ્રવૃત્તિઓમાં1970ના દાયકાથી જોડાયેલ છે. તેમણે 1997માં સીટી ઓફ બ્રૅમ્પટનના પરેડ કમાંડર તરીકે નેતૃત્વ સંભાળ્યું હતું અને ત્યારથી આજના દિન સુધી મોખરે રહ્યા છે. સંપર્ક વ્યક્તિ તરીકે, તેઓ 139 સી કૅડેટ્સ અને 557 લોર્ન સ્કોટ્સ આર્મી કૅડેટ્સ સાથે કાર્ય કરી રહ્યા છે. તેઓ તમામ ચાર કૅડેટ કૉર સાથે કાર્ય કરે છે જેમનું બ્રાંચ 15 પ્રાયોજન કરે છે.

રિમેમ્બરન્સ અને બ્રૅમ્પટનના દિગ્ગજો માટે તેમની અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા, વેર્શુરેને રિમેમ્બરન્સ ડે ના ઈવેન્ટ્સને વધુ સમાવેશીત બનાવવા માટે, સહભાગિતાના અંતરાયો દૂર કરવા માટે કાર્ય કર્યું છે અને નવી પરંપરાઓના સર્જનમાં અહમ ભૂમિકા ભજવી છે જેમકે સીટી ઓફ બ્રૅમ્પટનનો બૅનર પ્રોજેક્ટ, દ વેટેરનની મૂર્તિનું પુનસ્થાપન, સેનોટાફમાં એટલેકે અન્ય જગ્યાએ દફનાવવામાં આવેલ વ્યક્તિના સ્મારકમાં મેમોરિયલ બૂકનું ઈન્સ્ટોલેશન અને બ્રૅમ્પટન સેનોટાફ પર આફઘાનિસ્તાન ઓનર્સનું અનાવરણ.

વેર્શુરેન કેનેડિયન ડેકોરેશન, ક્વીન એલિઝાબેથ II ડાયમંડ જ્યુબિલી મેડલ, દ સોવરિન મેડલ, દ મિનિસ્ટર ઓફ વેટરન અફેર્સ કમ્મેન્ડેશન અને કેટલાક લીજન મેડલ મેળવનાર મહાનુભવ છે. તેમને 35 કરતા વધુ વર્ષો સુધી સેવા બજાવવા બદલ સીટી ઓફ બ્રૅમ્પટનના લોંગ ટર્મ વોલન્ટીઅર સર્વિસ એવોર્ડ પણ મળ્યો છે.

**કી ટૂ દ સિટી વિશે**

કી ટૂ દ સિટી એ એક પ્રતીકાત્મક સન્માન છે જે સિટી ઓફ બ્રૅમ્પટન સમાજના મોભીને પ્રદાન કરે છે, અથવા શહેરના પ્રખ્યાત અથવા પ્રતિષ્ઠિત અતિથિને અર્પે છે, જેમણે બ્રૅમ્પટનમાં રહેનાર લોકોના જીવન પ્રભાવિત કર્યા હોય. આ મેયરશ્રીના વિવેકથી રજૂ કરવામાં આવે છે.

**સુવાક્યો**

હેનરી એફ વેર્શુરેનને કી ટૂ દ સિટી આપતા મને મારું સન્માન થયાની લાગણી થાય છે. શહેર માટે અને બ્રૅમ્પટનના વેટરનો માટે હેનરીની અનેક વર્ષોની સેવા ખરેખર પ્રશંસનીય છે. પોતાની હિમાયતો અને જુસ્સાની મદદથી તેમણે બ્રૅમ્પટનના રિમેમ્બરન્સ ડેની ઉજવણીને એક પુરસ્કાર-વિજેતા સેવામાં પરિવર્તિત કરી જે સમાવેશીત હોય, સુલભ હોય અને જે કૅનેડામાં એવી જૂજ ઉજવણીઓ પૈકી એક બની શકી જેમાં માર્ચ પાસ્ટ, રોલ પાસ્ટ અને ફ્લાય પાસ્ટ એક જ પરેડમાં થતા હોય. હેનરી, તમારો બ્રૅમ્પટન માટેની એકધારી પ્રતિબદ્ધતા માટે ખૂબ આભાર."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"મેયર બ્રાઉન પાસેથી કી ટૂ દ સિટી મેળવવી તે મોટું સન્માન છે. આટલા વર્ષોમાં મળેલ સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓની યાદી સાંભળીને હું ગદગદ થઈ ગયો છું કેમકે મને તો ક્યારેય આ બધું કામ જેવું લાગ્યું જ નથી. મે મારી જાતને હંમેશા ટીમના એક ભાગ તરીકે જ ગણી છે અને આટલા વર્ષોમાં મે જે ટીમ્સ સાથે કામ કર્યું છે તે બધી જ ખરેખર જબરદસ્ત રહી છે. 50 વર્ષથી લોર્ન સ્કોટ્સનો સભ્ય હોવાથી અને 35 વર્ષથી

લોંગ ટર્મ સીટી ઓફ્ બ્રૅમ્પટન સ્વયંસેવક હોવાથી વેટરનો માટે હિમાયત કરવી તે ખરેખર મને ઉત્સાહિત રાખે છે. હું આપણા વેટરનો વતી વાત કરી શકું તેનું મને ગૌરવ છે જેથી હું તેમની સેવા પ્રતિ મારો આદરભાવ વ્યક્ત કરી શકું અને આજીવન બ્રૅમ્પટનવાસી હોવાથી મારે માટે આનું અતિશય મહત્ત્વ છે. આપનો આભાર."

- *હેનરી એફ વેર્શુરેન CD*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca